# ધાનેરામાં લીલા લાકડાં ભરેલા ૭ ટ્રેક્ટર ઝડપાયા

## સો મિલના માલિકો લાજવાના બદલે ગાજ્યા, સરકારી કર્મચારીઓ પાસેથી ટ્રેક્ટર આંચકી ધમકી અપાઈ : ટ્રેક્ટર છોડાવી ચાલતી પકડનારનું ટ્રેક્ટર રહેણાંક વિસ્તારમાંથી ઝડપાયું



ધાનેરામાં મામલતદારની ટિમ સક્રિય બની છે અને લીલા લાકડાનો કાળો કારોબાર ચલાવનાર લોકો સામે લાલ આંખ કરી છે એક રાતમાં લીલા લાકડા ભરેલા ૭ ટ્રેક્ટર ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ લીલા લાકડાંનો કાળો કારોબાર ચલાવનાર ઈસમોમાં ભારે ફફડાટ મચી ગયો છે.

ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં લીલા લાકડાનો કાળો કારોબાર ફૂલોફાલ્યો જોવા મળી રહ્યો છે અને દરરોજ લીલા વૃક્ષો નું ગેરકાયદેસર રીતે કટિંગ કરવામાં આવી રહ્યું છે અને દરરોજ ૫૦ કરતા પણ વધુ લીલા લાકડા ભરેલા ટ્રેકટરો ધાનેરા ની સોમીલો માં ઠલવાઈ રહ્યા છે આ બાબતે ધાનેરા માં પર્યાવરણ પ્રેમીઓ દ્વારા તંત્ર ને રજૂઆત પણ કરી છે અને વારંવાર મીડિયા ધ્વરા અહેવાલ બહાર પાડવામાં આવી રહ્યા છે ત્યારે ગતરાત્રે ધાનેરા મામલતદારે વિવિધ ટિમ બનાવી હતી અને લીલા લાકડાનો કાળો કારબોર ચલાવનાર લોકો સામે લાલ આંખ કરી હતી ત્યારે ધાનેરા સામરવાડા રોડ ઉપર લીલા લાકડા ભરેલા ૨ ટ્રેક્ટર અને થાવર આરટીઓ ચેકપોસ્ટ પરથી લીલા લાકડા ભરેલા ૫ ટ્રેક્ટર ઝડપી પડ્યા હતા ત્યારે મામલતદાર ની આ કામગીરી થી પર્યાવરણ પ્રેમીઓ માં ભારે ખુશી નો માહોલ જોવા માલ;યો હતો તો બીજી તરફ લીલા લાકડાના કાળો કારોબાર ચલાવનાર ઈસમોમાં ભારે ફફડાટ મચી ગયો હતો તો બીજી તરફ લીલા લાકડા નો કાળો કારોબાર ચલાવનાર એક ઈસમ આવી સરકારી કર્મચારીઓ સાથે બબાલ કરવા લાગ્યો હતો અને તમે કેમ મારુ ટ્રેક્ટર પકડ્યું હું તમને જોઈ લઈશ તેવી ધમકી આપી સરકારી અધિકારીઓ ના હાથ માંથી ટ્રેક્ટર લઈ નાશી છૂટવાનો પ્રયત્ન કર્યો હતો પરનું સરકારી અધિકારી તેની પાછળ જતા આ ઈસમ ધાનેરા



વિવેકાનંદ સોસાયટી માં લીલા લાકડા ભરેલું ટ્રોલી મૂકી પલાયન થઈ ગયો હતો ત્યારે ધાનેરા ના લોકો કહી રહ્યા છે કે લીલા લાકડા નો કાળો કારોબાર ચલાવનાર ઈસમો લાજવા ના બદલે ગાજી રહ્યા છે અને સરકારી અધિકારીઓ ને પણ ધમકાવી રહ્યા છે ત્યારે આ વાવ ઈસમ સામે કાયદેસર ની કાર્યવાહી થઈ તેવી લોક માંગ ઉઠી રહી છે.

## ઊંઝાના ટુંડાવ ગામે નજીવી બાબતે ભારે તકરાર

ઊંઝા, તા. ૧૩

ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે બાર વર્ષ અગાઉ ઘરના આંગણામાં પાણી રેડવા બાબતે થયેલ તકરાર અંગે શારીરિક મહાવ્યથા અને વ્યથાના કેસમાં ઊંઝા અદાલતે બે આરોપીઓને કુલ ચાર વર્ષની કેદની સજાનો હૂકમ કરેલ છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે ગત તા. ૧૦-૩-૨૦૦૬ના રોજ પરમાર પૂનમભાઈ કસણાભાઈના પત્નિએ આંગણામાં પાણી નાંખેલ હતુ. જેથી પડોશમાં રહેતા પરમાર મનુભાઈ શીવરામભાઈ અને અન્ય કેટલાક ઈસમોએ ઉશ્કેરાઈ જઈને પૂનમભાઈ પર હથિયારો વડે હૂમલો કર્યો હતો. જેથી શરીરે તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જે અંગે ઊંઝા પોલીસ મથકે આરોપીઓ વિરૂદ્ધ સારીરિક મહાવ્યથા અને વ્યથાનો ગુનો દાખલ થયો હતો.

સદર કેસ નામદાર ઊંઝા કોર્ટના જ્યુ. મેજી. ફ. ક્લાસ એસ.એમ. શુકલની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકિલ વિજય બી. બારોટની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીઓ પરમાર મનુભાઈ શીવરામભાઈ અને પરમાર બાબુભાઈ શીવરામભાઈને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫ના ગુનામાં ત્રણ વર્ષની કેદ અને કલમ ૩૨૩ના ગુનામાં એક વર્ષની સજા ભોગવવાનો હૂકમ કર્યો છે.



સાબરકાંઠા જીલ્લાના હિમતનગર શહેરના બગીચા વિસ્તારમાં આવેલ શંખેશ્વર પાશ્વનાથ ભગવાનને ફૂલોના હાર અને દેરાસરમાં ૧૦૮ દીવાથી સવત્સરીએ શણગાર કરવામાં આવ્યો હતો.

## હાજીપુર નજીક ટેમ્પો પલ્ટી ખાઈ જતાં ત્રણના મોત

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના સિવલ સર્કલ સામે આવેલ વાઘેલા વાસમાં રહેતા નવ લોકો બુધવારે જુના કપડા લેવા માટે ટેમ્પો લઈને અમદાવાદ જઈ પરત આવી રહ્યા હતા. ત્યારે હાજીપુર નજીક અચાનક ટેમ્પો પલ્ટી ખાઈ જતા તેમાં બેઠેલા ત્રણ જણાના ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યા હતા. તથા અન્ય છ જણાને ઈજા થતા તેમને સારવાર માટે ખસેડાયાં હતા. જે અંગેની ફરીયાદ મોડી રાત્રે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બુધવારે હિંમતનગરના સિવિલ સર્કલ સામે આવેલ વાઘેલા વાસમાં રહેતા અંદાજે નવ લોકો જુના કપડા વેચવાનો ધંધો કરતા હોવાથી જુના કપડા લેવા માટે ટેમ્પા નં. જીજે.૦૯.ઝેડ.૩૮૨૬ના ચાલક રમેશભાઈ પટેલને લઈને અમદાવાદ ગયા હતા. ત્યાંથી જુના કપડા ખરીદી બુધવારે સાંજે ટેમ્પામાં બેસી હિંમતનગર આવી રહ્યા હતા.

દરમ્યાન તેઓ હાજીપુર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક ટેમ્પાના ચાલકે ડ્રાઈવિંગ પરનો કાબુ ગુમાવતા ટેમ્પો પલ્ટી ખાઈ ગયો હતો. જેના કારણે ટેમ્પામાં બેઠેલા બે મહીલા અને એક યુવાનનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ.

અચાનક બનેલી ઘટનાને કારણે ઘટનાસ્થળે રોકકળ મચી જવા પામી હતી. બીજી તરફ ગણેશચતુર્થી પૂર્વે બનેલી આ ઘટના અંગે હિંમતનગર વાઘેલા વાસમાં ખબર પડતા મૃતકો તથા ઈજાગ્રસ્તોના સ્નેહીજનો તરતજ હાજીપુર નજીક બનેલ ઘટનાસ્થળે પહોંચી ગયા બાદ તરત જ ઈજાગ્રસ્તોને સારવાર માટે મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. અકસ્માતની ઘટના અંગે વાઘેલા વાસમાં રહેતા રાજુભાઈ મણીભાઈ વાઘેલાએ ટેમ્પાચાલક રમેશભાઈ પટેલ વિરૂદ્ધ હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## પાલનપુરમાં BAPSના કાર્યક્રમમાં શિક્ષણમંત્રીએ કરી માર્મિક ટકોર

### બે કલાક ન બેસી શકતા શિક્ષકો છાત્રોને કઈ રીતે શિસ્તના પાઠ ભણાવશે : શિક્ષણ મંત્રી

પાલનપુરમાં BAPS દ્વારા ચાલો બનીએ આદર્શ બાળક અંતર્ગત ઓડિયો- વિડીયોની નિઃશૂલ્ક સીડીનું વિતરણ કરવા માટેનો કાર્યક્રમ રાજ્યના શિક્ષણ





મંત્રીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ચાલુ કાર્યક્રમે શિક્ષકો ફોન ઉપર વાતો કરતા હોઈ તેમજ વારંવાર સભા મંડપમાંથી બહાર જતાં હોઈ શિક્ષણ મંત્રીએ માર્મિક ટકોર કરી હતી. જો શિક્ષકો બે કલાક પણ બેસી ન શકે તો છાત્રોને કઈ શિસ્તના પાઠ ભણાવશે તેવા અણીયાળા સવાલ સાથે શિક્ષકોને ટપાર્યા હતા.

BAPS શ્રી સ્વામીનારાયણ સંસ્થા દ્વારા પાલનપુર ખાતે ચાલો બનીએ આદર્શ બાળક અંતર્ગત મૂલ્ય ઘડતરનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના પ્રવચન ટાણે કેટલાક શિક્ષકો ફોન ઉપર વાત કરતા હતા. તેમજ સભા મંડપની અંદર- બહાર આવન જાવન કરતાં હતા. ત્યારે મંત્રીએ પોતાના ભાષણમાં જ આ શિક્ષકોને આડે હાથે લેતા માર્મિક ટકોર કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, જો શિક્ષકો બે કલાક પણ બેસી ન શકે તો છાત્રોને કઈ રીતે શિસ્તના પાઠ ભણાવશે???

તેઓએ વધુમાં જણાવ્યું હતુ કે, ખાનગી શાળાઓ વધતાં શિક્ષણમાં એક પ્રકારની હરિફાઈ વધી છે. જેમાં સરકારી શાળાઓ જ પ્રથમ આવે તે રીતે છાત્રોને શિક્ષણ આપવું પડશે. આ કાર્યક્રમમાં રાજયના શિક્ષણ નિયામક એમ. આઈ. જોષી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. દિપક દરજી, બીએપીએસ સત્સંગ મંડળના સાધુ ઉત્તમ પ્રિયદાસ, સાધુ નિત્યસેવાદાસ, બનાસકાંઠા પ્રાથમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષણ સંઘ, આચાર્ય સંઘ, ગ્રાન્ટેડ સંચાલક મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.





મહેસાણા શહેરમાં રાજમહેલ રોડ ઉપર આવેલા ગણપતિદાદાના મંદિરેથી વર્ષ પરંપરાગત રીતે ગણેશ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે શોભાયાત્રા નિકળી હતી. તસવીરમાં ગણપતિ મંદિરના ટ્રસ્ટી બાબુપુરી ગોસ્વામી મંદિરના લાલજી મહારાજ નજરે પડે છે. વર્ષ પરંપરાગત રીતે મહેસાણા શહેરમાં ગણપતિદાદાની શોભાયાત્રામાં મહેસાણા જિલ્લા પોલીસ જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવી હતી. ઉજવણીમાં ગણેશ મહાયાગ અને સંતવાણીનો દર્શનાર્થી ભાવિક ભક્તોએ લાભ લીધો હતો.





## ભિલોડાના વજાપુર ગામે ગણેશસ્થાપન સાથે માતૃપિતૃ વંદના અને સ્વચ્છતા અભિયાન

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તાર એવા ભિલોડા તાલુકાના વજાપુર ગામે અનોખી રીતે ગણેશ સ્થાપના કરવામાં આવી હતી. વિઘ્નહર્તા દુંદાળા દેવ માતા-પિતા શંકર-પાર્વતીના આજ્ઞાંકિત પુત્ર તરીકે હિન્દુ સમાજમાં આગવું મહત્વ ધરાવે છે. ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ સ્થાપના સાથે માતૃ પિતૃ વંદના અને પ્રદક્ષિણા કરી કરી અને સ્વચ્છતા અભિયાન હાથ ધરી અનોખી રીતે ભક્તિભાવના રંગે રંગાયા હતા.

## તલોદમાં વિઘ્નહર્તા દેવની ભક્તિમય માહોલમાં સ્થાપના, મહારાષ્ટ્ર જેવો માહોલ



તલોદ, તા. ૧૩

તલોદમાં ગજાનંદ ઉપાસકો દ્વારા છેલ્લા કેટલાય સમયથી ગણેશ ચતુર્થીની ઉત્સુકતાથી રાહ જોવાઈ રહેલી હતી. સોસાયટીઓ, ચાલીઓ, જાહેર માર્ગો તેમજ વિસ્તારવાઈઝથી માંડી અસંખ્ય ઘર ગથ્થુ દુંદાળાદેવની મુર્તિઓ લાવી ડી.જે. સાઉન્ડ અને ઢોલના ધબકારે નગરયાત્રા કરાવી નાચ-ગાન કરતા યુવકો અબીલ-ગુલાલના રંગમાં રંગાઈ પુજા-અર્ચના કરી વિધિવત આરતી કરી મંત્રોચ્ચાર સાથે સ્થાપિત કરવામાં આવ્યા હતા.

શિવપુત્રની દિન-પ્રતિદિન વધતી મહિમાં તલોદમાં મહારાષ્ટ્ર જેવો માહોલ જોવા મળ્યો હતો. વિઘ્નહર્તાને રિજવવા સોસાયટીઓ, ચાલીઓ અને જાહેર માર્ગો નવરાત્રી કરતા પણ વધુ આકર્ષીત બન્યા છે. મોડી રાત્રી સુધી ગરબાની રમઝટ, ચા-નાસ્તો અને લાહણીની વ્યવસ્થા કરી ભક્તોની ભીડ જામવાનું પણ યુવક ગ્રુપો દ્વારા જાણવા મળ્યુ છે. ગજાનંદને રિજવવા અને તેમનો મહિમાં વધતા મોડી રાત્રી સુધી બજારો પણ ધમધમવાનું જાણવા મળેલ છે.

## અંબાજીમાં ગણપતિ મંદિરમાં બાપાની સ્થાપના

શકિત, ભકિત અને આસ્થાના ત્રિવેણી સંગમ એટલે શકિતપીઠ અંબાજી. આજથી ગણપતિ બાપાના પર્વની તૈયારી થઈ રહી છે. ત્યારે ૧૯ થી ૨૫ તારીખ સુધી અંબાજીમાં ભાદરવી મહા કુંભનો પર્વ પણ શરૂ થઈ



રહયો છે. આજથી આખા ભારત દેશમાં ગણપતિની સ્થાપના થઈ રહી છે અને હવે ગણેશ વિશર્જન સુધી ગણપતિ બાપા મોરિયાના નાદ સાંભળવા મળશે ત્યારે જગવિખ્યાત શક્તિપીઠ અંબાજીમાં આવેલા રાધા-કૃષ્ણ મંદિરમાં પ્રથમવાર ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. આજે ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના વિધિ વિધાનથી કરવામાં આવી હતી અને ત્યારબાદ ભક્તો માટે પ્રસાદ પણ આપવામાં પણ આવ્યો હતો. ત્યારબાદ અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ તરફથી પરશુરામ મંદિરમાં ગણપતિ ભગવાનની વિશાળ મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. અહીં આરતી કરાયા બાદ ભગવાન માટે ભોગ પણ ધરાવવામાં આવ્યો હતો. આ સિવાય શક્તિધારા સોસાયટી, બાલાજીનગર, યોગેશ્વરનગર અને આખા અંબાજીના વિવિધ વિસ્તારોમાં ગણપતિની સ્થાપના પણ કરવામાં આવી હતી.

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણપતિદાદાનું વાજતે-ગાજતે સ્વાગત

મોડાસા, તા. ૧૩

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગુરુવારે ગણેશચતુર્થીના દિવસે ઠેર-ઠેર વિઘ્નહર્તા ગણેશજીની પ્રતિમાનું સ્થાપન વાજતે-ગાજતે કરવામાં આવ્યું હતું. બંને જિલ્લાના વાતાવરણમાં ગણપતિબાપા મોરિયાના જયઘોષ ગુંજી ઉઠ્યા હતા. દુંદાળા દેવ, વિઘ્નહર્તા ગણપતિદાદાના ભકજનો દ્વારા જાહેરસ્થળોએ, ધંધા-રોજગાર સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને ઘરે-ઘરે ગણપતિ દાદાની સ્થાપના કરી ભક્તિમાં લીન બની ગયા હતા. બંને જિલ્લાના મુખ્ય શહેરમાં વિવિધ ગણપતિ મંડળ દ્વારા ૧૦ દિવસ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ મહિનામાં ભક્તો શિવભક્તિમય બન્યા હતા હવે ગણેશભક્તિનો પ્રારંભ થતા વાતાવરણ ભક્તિમય બન્યું છે. મોડાસામાં ૧૨ વર્ષનો ક્રિશ ૩ વર્ષથી માટીના ગણેશ



બનાવી ઘરે સ્થાપના બનાવે છે. ક્રિશને પ્રોત્સાહિત કરવા અને દુંદાળા દેવના દર્શનાર્થે પૂર્વ મેયર વનીતાબેન પટેલ પહોંચતા પરિવારમાં આનંદ છવાયો હતો.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણેશમહોત્સવ અને ગણેશ સ્થપાનાની ઉજવણી ઉમંગભેર કરવામાટે ગણેશજીના ભકતોએ મહિના અગાઉથી તૈયારીઓ હાથ ધરી શુક્રવારે ગણેશચતુર્થીના દિવસે બેન્ડ અને ડી.જે.ના તાલે ઠેર-ઠેર સ્વાગત કરી સ્થાપન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ભિલોડા, ધનસુરા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, ઈડર સહીત બંને જિલ્લાના ગ્રામ્યવિસ્તારોમાં વિવિધ યુવક મંડળો દ્વારા દુંદાળાદેવ ગણપતિદાદાની મૂર્તિનું રંગે ચંગે સ્થાપન કરતા વાતાવરણ ગણેશમય બની ગયું હતું. મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આવેલા રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ દાદાના મંદિર ગણેશચતુર્થી નીમિતે વિઘ્નહર્તા ગણપતિદાદાના દર્શનાર્થે ભક્તો વહેલી સવારથીજ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું અને મંદિર નજીક પરંપરાગત રીતે ભારત લોકમેળામાં લોકોએ લુપ્ત ઉઠાવ્યો હતો.

બંને જિલ્લાના યુવક મંડળો દ્વારા ગણેશમહોત્સવને યાદગાર બનાવવા રાત્રી દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.